**ELECTION URGENT**

Phone : 02742-254267
Fax No : 02742-252740

# OFFICE OF THE DISTRICT MUNICIPAL ELECTION OFFICER & COLLECTOR BANASKANTHA

Jorawar Palace, Palanpur - 385001 Dist. Banaskantha

નં.બી/ન.પા.સા.ચૂં./૨૦૧૮/રજા જાહેરાત/વશી ૨૦૬૯-૨૧ ૨૦૭૫ તા. /૦૨/૨૦૧૮

**વંચાણમાં લીધા :**

(૧) રાજય ચૂંટણી આયોગે અખબારી યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૧૨૦૧૮/ક, તા.૨૩/૦૧/૨૦૧૮

(૨) રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૧૧૦–૨૨૦૦૯–ક, તા.૦૪/૦૩/૨૦૦૯

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જી.આર.નં. NPL-4594-5607-M, Dt.12-07-1996

**હુકમ :–**

રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર ધ્વારા આમુખ–૧ની અખબારીયાદીથી થરાદ તથા ધાનેરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તા.૧૭/૦૨/૨૦૧૮ શનિવારના રોજ યોજવા નકકી કરવામાં આવેલ છે. જે સંદર્ભે આમુખ–૨ વાળા પરિપત્રમાં જણાવ્યા મુજબ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ મહત્તમ રવિવારનાં દિવસે જ યોજવામાં આવતી હોય છે. પરંતુ શહેરો / નાના / મોટા ગામોમાં કેટલીક ગ્રામીણ બેંકો રાષ્ટ્રીય અને ખાનગી બેંકો અને રાજય અને કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ તેમજ દુકાન વાણિજય સંસ્થાઓ / હોટલો / ઓધોગિક એકમો / કારખાનાઓ ફેકટરીઓ / રેલ્વે / ટેલીફોન / તારસ્પીડપોસ્ટ / સરકારી હોસ્પિટલો / પોલીસ સ્ટેશનો / ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય કેટલીક કચેરીઓ / સંસ્થાઓ રવિવારે પણ તેઓનો કારોબાર ચાલુ રાખે છે. આ સંજોગોમાં આવી કચેરીઓ / સંસ્થાઓના કર્મચારીઓ / કામદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે મતદાનના દિવસે ચૂંટણી હેઠળનાં સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી / કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડીક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં / બદલીમાં મતદાનનાં દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે તેવી સુચનાઓ છે. સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીમાં મતદારો સરળતાથી મતદાન કરી શકે અને મતાધિકારથી વંચિત ન રહે તે માટે સ્થાનિક કક્ષાએ રજા જાહેર કરવાની સુચના આપેલ છે. આમુખ–૩ થી અમોને મળેલ સત્તાની રૂએ મતદાનના દિવસે મતદારો તેમના મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરી શકે જેથી મતદારની સરળતા ખાતર જાહેર રજા જાહેર કરવાની રહે છે. જે અન્વયે થરાદ તથા ધાનેરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી વિસ્તાર પુરતી મતદાનના દિવસે તા.૧૭/૦૨/૨૦૧૮ શનિવારના રોજ સ્થાનિક રજા જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(દિલીપ રાણા)
જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી
અને
કલેકટર બનાસકાંઠા

ક્રમાંક: માવિ-૩/ન.પા.સા.ચૂં./૨૦૧૮/૨૯૨૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૫-૦૨-૨૦૧૮

નકલ રવાના જાણ તથા અમલ સારું

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
થરાદ અને ધાનેરા નગરપાલિકાની મા.શાળાઓ
વિસ્તારમાં આવતી તમામ મા. અને ઉ.મા.શાળાઓ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

Scanned by CamScanner